ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૦/૨૪૪૦-૨૫૨૫

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોકનં. ૧૨/૧ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર તા.૨૨/૪/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી- તમામ,

શાસનાધિકારીશ્રી-તમામ

વિષય: ધોરણ 1 થી 8 માં પરિણામ પત્રક અને *શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC)* આપવા બાબતની સૂચનાઓ...

સંદર્ભ 1: પ્રાશિનિ/સંકલન/2020/1135-1194 તા. 18-2-2020

સંદર્ભ 2: જીસીઈઆરટી/સી એન્ડ ઈ/2020/6378-6439 તા. 17-3-2020

સંદર્ભ 3: શિક્ષણ વિભાગનો તા. 24-03-2020 નો ઠરાવ ક્રમાંક: મશબ/1220/87/છ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભ 3 ના ઠરાવથી ધોરણ 1 થી 8 ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવાયેલ છે. જેથી આ અગાઉ અત્રેના સંદર્ભ 1 અને 2 મુજબની ધોરણ 5 અને 8 માં નાપાસ કરવાની સૂચનાઓ શૈક્ષણિક વર્ષ 2019-20 માટે લાગુ પાડવાની રહેતી નથી. આ અંગે વિવિધ જિલ્લાઓમાંથી શિક્ષકો દ્વારા પરિણામ પત્રક કેવી રીતે તૈયાર કરવું ? અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ( LC) આપવાનું થતું હોય તો કેવી રીતે આપવું ?તે અંગે પૂછપરછ કરવામાં આવે છે. રાજ્યની તમામ શાળાઓમાં એકસૂત્રતા જળવાય અને એક શાળામાંથી બીજી શાળામાં જતા વિદ્યાર્થીઓના પરિણામ પત્રક અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ( LC) માં કોઈ વિસંગતતા ઉભી ન થાય તે માટે આ પત્રની સુચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

<u>લોકડાઉન બાદ, સ્થિતિ સામાન્ય થયેથી વિદ્યાર્થીઓનાં ( LC) અને પરિણામ પત્રક તૈયાર કરવાની કામગીરી કરવાની છે, જે ધ્યાને લઈ હાલ લોકડાઉન દમિયાન આ કામગીરી કરવા માટે મુખ્યશિક્ષક કે શિક્ષકોને શાળામાં આવવાનો આગ્રહ ન રાખવો.</u>

૧, RTE એક્ટ - 2009 ની કલમ 29 મુજબ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત , દર વર્ષની જેમ ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓનું પરિણામ પત્રક C તૈયાર કરતી વખતે નીચેની બાબત ધ્યાને લેશો.

Scanned with CamScanner

❖ ચાલુ વર્ષે કોવીડ-19 ની પરિસ્થિતિના કારણે તા. ૧૬/૩/૨૦ થી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય થઇ શકેલ નથી. જેના કારણે દ્વિતીય લેખિત કસોટી (૪૦ ગુણ ભારાંક) લેવાયેલ નથી તેથી ૮૦ ગુણ રચનાત્મક મૂલ્યાંકન (૪૦ ગુણ પ્રથમ સત્ર અને ૪૦ ગુણ દ્વિતીય સત્ર),પ્રથમ સત્રાંત લેખિત મૂલ્યાંકન ૪૦ ગુણ અને ૪૦ ગુણ સ્વઅધ્યયન કાર્ય (૨૦ ગુણ પ્રથમ સત્ર અને ૨૦ ગુણ દ્વિતીય સત્ર) ના મળી કુલ ૧૬૦ ગુણ ધ્યાને લેવાના રહેશે અને સામેલ પરિશિષ્ટ મુજબ ગ્રેડ આપવાના રહેશે. સંદર્ભ – ૨ ના ઠરાવ મુજબ ધોરણ ૫ અને ૮ ના કોઈપણ વિધાર્થીને E ગ્રેડ આવે તો પણ તેના પરિણામ પત્રકમાં "માસ પ્રમોશનથી ઉપલા ધોરણમાં ચઢાવ્યા" તે મુજબ નોંધ કરવાની રહેશે.

❖ સદર વ્યવસ્થા માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯/૨૦ પુરતી જ છે જે ધ્યાને લેશો.

૨. ધોરણ ૧ માટે D 1 અને D 2 તથા ધોરણ 2 માટે D3 અને D 4 પત્રકો દરવર્ષની જેમ બનાવવાના રહેશે.

૩. દરવર્ષની જેમ ધોરણ 3 થી 8 તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ પરિણામ પત્રક આપવાનું રહેશે.

૪. વિદ્યાર્થીઓને આપવાના થતા શાળા છોડ્યાના પ્રમાણપત્ર ( LC)માં દ્વિતીય કસોટી લેવાયેલ ન હોઈ, રીમાર્કસના કોલમમાં "માસ પ્રમોશનથી ઉપલા ધોરણમાં ચઢાવ્યા" તે મુજબની નોંધ કરવાની રહેશે.

આ અંગે આપના તાબા હેઠળની તમામ સરકારી શાળાઓ,ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

નિયામક
GCERT
ગાંધીનગર

નિયામક
પ્રા.શિ.નિયામકની કચેરી,
ગાંધીનગર

બિડાણ: વિષયવાર-ધોરણવાર ગુણ અને ગ્રેડ ગણતરી દર્શાવતું પરિશિષ્ટ

નકલ સવિનય રવાના:

- માન. સચિવશ્રી - શિક્ષણ (પ્રાથમિક અને માધ્યમિક), સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસ.એસ.એ., ગાંધીનગર

Scanned with CamScanner

## વર્ષ 2019-20નું ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીનું પરિણામ પત્રક તૈયાર કરવા માટેનું પરિશિષ્ટ

| વિષય | પ્રથમ સત્ર | | | દ્વિતીય સત્ર | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધો. 3-4 | ધો. 5 | ધો. 6-8 | ધો. 3-4 | ધો. 5 | ધો. 6-8 | ધો. 3-4 | ધોરણ 5 | ધોરણ 6-8 |
| ગુજરાતી | 100 | 100 | 100 | 60 | 60 | 60 | **160** | **160** | **160** |
| ગણિત | 100 | 100 | 100 | 60 | 60 | 60 | **160** | **160** | **160** |
| પર્યાવરણ | 100 | 100 | | 60 | 60 | | **160** | **160** | |
| હિન્દી | | 100 | 100 | | 60 | 60 | | **160** | **160** |
| અંગ્રેજી | | 100 | 100 | | 60 | 60 | | **160** | **160** |
| સંસ્કૃત | | | 100 | | | 60 | | | **160** |
| સામાજિક વિજ્ઞાન | | | 100 | | | 60 | | | **160** |
| વિજ્ઞાન અને ટેકનોલજી | | | 100 | | | 60 | | | **160** |
| પત્રક Bનાં ચાર અધ્યયન ક્ષેત્રો અંતર્ગત 40 વિધાનોને આધારે ગુણ | | | | 200 | 200 | 400 | **200** | **200** | **400** |
| કુલ ગુણ | 300 | 500 | 700 | 380 | 500 | 820 | **680** | **1000** | **1520** |

### વિષયવાર - ધોરણવાર ગ્રેડની ગણતરી

| ગ્રેડ | વિષયવાર | ધોરણ 3-4 એકંદર | ધોરણ 5 એકંદર | ધોરણ 8 એકંદર |
|---|---|---|---|---|
| | ગુણ | ગુણ | ગુણ | ગુણ |
| A | 128 કે તેથી વધુ ગુણ | 544 કે તેથી વધુ ગુણ | 800 કે તેથી વધુ ગુણ | 1216 કે તેથી વધુ ગુણ |
| B | 104 થી 127 ગુણ | 442 થી 543 ગુણ | 650 થી 799 ગુણ | 988 થી 1215 ગુણ |
| C | 80 થી 103 ગુણ | 340 થી 441 ગુણ | 500 થી 649 ગુણ | 760 થી 987 ગુણ |
| D | 56 થી 79 ગુણ | 238 થી 339 ગુણ | 350 થી 499 ગુણ | 532 થી 759 ગુણ |
| E | 56 થી ઓછા ગુણ | 238 થી ઓછા ગુણ | 350 થી ઓછા ગુણ | 532 થી ઓછા ગુણ |

Scanned with CamScanner